# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### નડિયાદ મહાનગરપાલિકાના અણઘણ વહીવટથી જનતા ત્રાહિમામ | એક સપ્તાહથી ઉઘાડ છતાં ગોકળગાયની ગતિએ ચાલતું કામ

# નડિયાદના કાંસ કામ માટે મશીનરી ઉતારવામાં નિષ્ફળ!

**ત્રિમૂર્તિ કોમ્પ્લેક્ષથી** સરદાર પ્રતિમા રોડ પરના વેપારીઓની દિવાળી રોળાવવાનો ભય

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૨૪

નડિયાદ મહાનગરપાલિકાના વિઝન વગરના વહીવટ અને અકર્મણ્યતાના કારણે શહેરના હાર્દસમા વિસ્તારમાં ભારે અરાજકતાનો માહોલ સર્જાયો છે. મનપા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે શરૂ કરવામાં આવેલ વરસાદી કાંસનું કામ છેલ્લા ૪ મહિનાથી અટવાઈ પડતા સ્થાનિક વેપારીઓ અને હજારો નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા છે. એક સપ્તાહથી વરસાદે વિરામ લીધો છે અને વાતાવરણ બિલકુલ સાનુકૂળ હોવા છતાં, જૂની કાંસ તોડવા માટે સ્થળ પર જરૂરી મશીનરી ઉતારવામાં તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે.

નડિયાદ શહેરના અતિ વ્યસ્ત એવા ત્રિમૂર્તિ કોમ્પ્લેક્ષથી લઈને સરદાર પ્રતિમા અને મહાનગરપાલિકા તરફ જતા માર્ગ પર વરસાદી પાણીના નિકાલ અર્થે જૂની કાંસ ખોદી નાખવામાં આવી છે. વહીવટી તંત્રની ઈચ્છાશક્તિના અભાવે આ કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી રહી છે. સત્તાધીશો અને ઉચ્ચ અધિકારીઓ સતત બે દિવસથી સ્થળ પર પહોંચીને માત્ર નિરીક્ષણના તાયફા કરી રહ્યા છે, પરંતુ કાગળ પરના



વાયદાઓ વચ્ચે વાસ્તવિકતા એ છે કે પાળો બાંધીને પાણીનો નિકાલ કર્યા પછી પણ મશીનરી લાવીને કામ શરૂ કરાવવામાં આવ્યું નથી.

નડિયાદમાં કાંસના કામ માટે રસ્તાની બંને બાજુ પતરા મારી દેવાતા ગ્રાહકો દુકાનો સુધી પહોંચી શકતા નથી, જેના કારણે વેપારીઓનો ધંધો ચોપટ થઈ ગયો છે. આ ઉપરાંત, લોકોની સુવિધા માટે બનાવવામાં આવેલો વૈકલ્પિક સાંકડો રસ્તો પણ ખાડાઓથી ભરેલો અને અત્યંત બિસ્માર હાલતમાં છે. આગામી દિવસોમાં દિવાળી જેવા મુખ્ય તહેવારો આવી રહ્યા છે ત્યારે ત્રિમૂર્તિ કોમ્પ્લેક્ષથી તાલુકા પંચાયત રોડ પરના વેપારીઓની દિવાળી બગડશે તેવો ઘેરો ભય ઊભો થયો છે. નાગરિકો અને વેપારીઓ માંગ કરી રહ્યા છે કે રસ્તા પર મારેલા પતરાં સત્વરે કાંસ તરફ ખસેડીને રસ્તો ખુલ્લો કરવામાં આવે જેથી ટ્રાફિકની સમસ્યા હળવી થાય.

હાલમાં હવામાન ખુલ્લું છે છતાં તંત્ર આ સમયનો કોઈ સદુપયોગ કરી શક્યું નથી. જો આગામી દિવસોમાં ફરીથી વરસાદ ખાબકશે, તો પાણીના નિકાલ માટે બનાવેલા પાળા ફરજિયાત તોડવા પડશે. પરિણામે કચરો અને કાંપ ફરીથી ખુલ્લી કરેલી જગ્યામાં જમા થઈ જશે, અને તે દૂર કર્યા વિના નવેસરથી કાંસનું કામ કરવું અત્યંત કપરું બનશે.

### મૂળ સમસ્યા હલ કરવાને બદલે ‘નાની પગદંડીની લોલીપોપ’

મહિનાઓથી બંધ પડેલું કાંસનું કામ ક્યારે શરૂ થશે અને ક્યારે પૂરું થશે તેની કોઈ જ ચોક્કસ રૂપરેખા વહીવટી તંત્ર પાસે ઉપલબ્ધ નથી. વેપારીઓ અને સ્થાનિકોનો આક્રોશ શાંત કરવા માટે સત્તાવાળાઓ દ્વારા કામચલાઉ ધોરણે ૪ ફૂટની સાંકડી પગદંડી બનાવી દેવાની જાહેરાત કરવામાં આવી છે. મૂળ સમસ્યા હલ કરવાને બદલે આવી લોલીપોપ આપીને તંત્ર લોકોનું ધ્યાન ભટકાવવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યું છે.

### રાજકીય હસ્તક્ષેપનો ભોગ બનતી જનતા

નડિયાદને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યાને ૧.૫ વર્ષ જેટલો સમય વીતી ગયો છે અને વિકાસ કામો માટે ગ્રાન્ટની કોઈ અછત નથી. આમ છતાં મનપાના સત્તાધીશો અને નિષ્ણાત અધિકારીઓ સ્વતંત્ર રીતે નિર્ણયો લેવામાં વામણા સાબિત થયા છે. રાજકીય દબાણને વશ થઈને કામગીરી થતી હોવાથી પ્રજાના પ્રાણપ્રશ્નોના ઉકેલમાં મોટો વિલંબ થઈ રહ્યો છે જેની સીધી અસર શહેરના વિકાસ પર પડી રહી છે.

### આયોજનવગરકામશરૂકરીબહાનાબાજીકરતું તંત્ર

સરદાર પ્રતિમા અને શેરકંડ તળાવ પાસે ખોદાયેલી કાંસનું કામ ઉનાળામાં શરૂ તો કરાયું પણ માત્ર ૨ દિવસમાં કાદવ આવવાનું બહાનું આગળ ધરીને સ્થગિત કરી દેવાયું હતું. હવે અધિકારીઓ પારસ સર્કલથી નવું કામ શરૂ કરવાનો બચાવ કરી રહ્યા છે. કરોડોના પ્રોજેક્ટમાં આવી બહાનાબાજી તંત્રના દિશાવિહીન આયોજન અને ટેકનિકલ નિષ્ફળતાની ચાડી ખાય છે.

# નડિયાદ : ગૃહિણી ખાતામાંથી ૧.૭૧ લાખની સાયબર ચોરી

એકાઉન્ટમાંથી માત્ર ૫ જ દિવસમાં ૩૦ વખત ટ્રાન્ઝેક્શન કરી ખાતું સાફ થયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

નડિયાદ શહેરના પેટલાદ રોડ પર આવેલી શિવનગર સોસાયટીમાં રહેતા એક ગૃહિણીના એચડીએફસી બેંક ખાતામાંથી અજાણ્યા સાયબર ગઠિયાઓએ યુપીઆઈ મારફતે રૂ. ૧,૭૧,૬૯૭ની રકમ ઉપાડી લઈને છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

નડિયાદના પેટલાદ રોડ પરની શિવનગર સોસાયટીમાં રહેતા હિનાબેન નિલેશભાઈ શાહનું એચડીએફસી બેંકની સમતા પાર્ટી પીપલગ શાખામાં ખાતું આવેલું છે. ગત ૫મી સપ્ટેમ્બરના રોજ તેમના પતિ નિલેશભાઈ બેંકના ખાતાની પાસબુકમાં એન્ટ્રી કરાવવા ગયા ત્યારે આ ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

તેઓએ બેંક સ્ટેટમેન્ટની તપાસ કરતા તારીખ ૨૪મી માર્ચ ૨૦૨૬થી ૨૮મી માર્ચ ૨૦૨૬ના ટૂંકા સમયગાળા દરમિયાન હિનાબેનની જાણ બહાર એકાઉન્ટનું એક્સેસ મેળવીને ભેજાબાજોએ યુપીઆઈના માધ્યમથી કટકે કટકે ૩૦ વખત ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરીને કુલ ૧,૭૧,૬૯૭ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલૂમ પડતાં પરિવારે ૭ સપ્ટેમ્બરે નેશનલ સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. પોર્ટલ પરની તપાસ બાદ નડિયાદ ટાઉન પોલીસે અજાણ્યા ઈસમ સામે છેતરપિંડી તથા આઈટી એક્ટ મુજબ ગુનો નોંધી બેંક ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રીના આધારે આરોપીઓને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ગાંધીનગરમાં અધ્યાપક મહામંડળની શિક્ષણ મંત્રી સાથે ઉચ્ચસ્તરીય બેઠક

# અધ્યાપકોની સ્વૈચ્છિક બદલી સહિતના પડતર પ્રશ્નો ઉકેલવા રજૂઆત કરાઈ

**સીએએસ કોર્સની** માન્યતા અને ફાજલ રક્ષણ જેવા પ્રશ્નો સત્વરે ઉકેલાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

ગુજરાત રાજ્ય અધ્યાપક મહામંડળ દ્વારા પ્રાધ્યાપકોના લાંબા સમયથી લંબાયેલા વિવિધ પડતર પ્રશ્નો સંદર્ભે શિક્ષણ મંત્રી, શિક્ષણ સચિવ અને કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે એક અગત્યની મિટિંગ યોજાઈ હતી. આ બેઠકમાં સરકાર દ્વારા મોટાભાગના પ્રશ્નો પર હકારાત્મક વલણ દાખવીને સત્વરે ઉકેલ લાવવાની



ખાતરી આપવામાં આવી છે.

ગુજરાત રાજ્ય પ્રાધ્યાપક મંડળના પ્રમુખ પ્રોફેસર રાજેન્દ્ર જાદવ અને પ્રતિનિધિ મંડળની સક્રિય રજૂઆતો બાદ મંત્રી તથા અધિકારીઓ સાથેની ચર્ચામાં મુખ્ય પ્રશ્નો પર સહમતિ બની છે. જેમાં ગ્રાન્ટેડ કોલેજોમાં સ્વૈચ્છિક બદલી, સીએએસ અનુસંધાને વર્ષ 2025 સુધી ઓરિએન્ટેશન/રીફ્રેશર કોર્સની માન્યતા, વસ્તી ગણતરીની કામગીરી સામે વળતર રજાઓ અને અધ્યાપક સહાયકોના ફાજલ રક્ષણ અંગે જરૂરી કાર્યવાહી સત્વરે પૂરી કરવાની બાંહેધરી અપાઈ છે.

આ બેઠકમાં 300 રજાઓનું રોકડમાં રૂપાંતર, આચાર્યોનું સેવા જોડાણ સાથે રજા જોડાણ તેમજ ખંડ સમયના (પાર્ટ-ટાઈમ) અધ્યાપકોને કાયમી નોકરી આપવા અંગે પણ ધારદાર રજૂઆતો કરવામાં આવી હતી. આ નાણાકીય પ્રશ્નોના નિવારણ માટે ટૂંક સમયમાં નાણા વિભાગ અને નાણા મંત્રી સાથે અલગથી ચર્ચા યોજવાની હૈયાધારણા આપવામાં આવી છે. આ અંગે મહામંડળના પ્રમુખ પ્રોફેસર રાજેન્દ્ર જાદવે તમામ પ્રાધ્યાપકો વતી શિક્ષણ મંત્રી અને અધિકારીઓનો આભાર માન્યો હતો તથા સરકારના સાનુકૂળ અને હકારાત્મક અભિગમની સરાહના કરી હતી.

# આણંદમાં ટ્રકે સાયકલને અડફેટે લેતાં વૃદ્ધનું મોત

**ભાલેજ રોડથી વાસદ** તરફ જતાં ટ્રકે સામરખા ચોકડી પર અકસ્માત સર્જ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

આણંદ શહેર નજીક આવેલી સામરખા ચોકડી પાસે એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં બેફામ ગતિએ આવતા ટાટા લોડિંગ ટ્રકે સાયકલસવાર ૭૪ વર્ષીય વૃદ્ધને પાછળથી જોરદાર ટક્કર મારતાં તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે.

સામરખા ગામના મિલ્લતનગર વિસ્તારમાં રહેતા સદરૂમીયા ફકરૂમીયા મલેક (ઉ.વ. ૭૪) વલ્લભ વિદ્યાનગરમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હતાં. તેઓ ૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે આશરે સાડા સાત વાગ્યે તેઓ પોતાની સાયકલ લઈને નોકરી પર જવા નીકળ્યા હતા. તે દરમિયાન સામરખા ચોકડી પાસે, ભાલેજ રોડથી વાસદ તરફ જવાના માર્ગ પર કાશ્મીરી હોટેલ સામે લોડિંગ ટ્રક (નંબરઃ GJ-31-U-1137) ના ચાલકે ગફલતભરી અને બેદરકારીપૂર્વક વાહન હંકારીને સદરૂમીયાની સાયકલને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં વૃદ્ધ રોડ પર પટકાતાં તેમને શરીરે તેમજ માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાની જાણ થતાં પરિવારજનો તુરંત સ્થળ પર દોડી આવ્યા હતા અને તેમને સારવાર અર્થે આણંદ જનરલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના પુત્ર ઈમરાનમીયા મલેક ની ફરિયાદના આધારે આણંદ ટાઉન પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

### ખેડા જિલ્લા પોલીસ અને આરટીઓ દ્વારા 100 બાઈક રેલી યોજાઈ





ખેડા જિલ્લા પોલીસ અને આરટીઓ નડિયાદ દ્વારા ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ ફેલાવવા 100 બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી દરમિયાન હેલ્મેટનો ફરજિયાત ઉપયોગ, ટ્રાફિક સિગ્નલનું પાલન, ઝડપ નિયંત્રણ અને વાહન ચલાવતી વખતે મોબાઈલ ન વાપરવા જેવા નિયમો સાથે ‘સલામત માર્ગ - સુરક્ષિત જીવન’નો સંદેશ અપાયો હતો. ખેડા જિલ્લા પોલીસ તથા આરટીઓ નડિયાદના અધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં યોજાયેલી આ રેલીમાં બાઈક સવારોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી. - **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

# લુણાવાડામાં પોલીસ ચોકીમાં ઘૂસી વેપારી પર હુમલો કર્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૪

મહિસાગર જિલ્લાના વરધરી ગામમાં સરકારી ટેન્ડરથી મેળવેલા સ્વરૂપ સાગર તળાવના મચ્છી ઉછેર વ્યવસાયની અદાવતમાં વડોદરાના વેપારી યુવક પર ૧૦ જેટલા શખ્સોએ ઘાતક હુમલો કર્યો છે. જીવ બચાવવા માટે પોલીસ ચોકીમાં ઘૂસેલા યુવકને લાકડીઓ અને લાતોથી બેફામ માર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી.

વડોદરાના તાંદલજાના વતની અને હાલ વરધરી તળાવ કિનારે રહી મચ્છીનો વેપાર સંભાળતા ૨૬ વર્ષીય એન્જિનિયર જૈન ઝુબેરખાન પઠાણ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના સાંજે પોતાની કારમાં સાથી કામદારો સાથે જઈ રહ્યા હતા. તે સમયે વરધરી ચાર રસ્તા પાસે ગામના યાસીનખાન ગુલમહમદ સીંધી અને તેના સાગરીતોએ બ્રેઝા ગાડી લાવી તેમની કાર અટકાવી હતી. આ શખસોએ “તળાવની પાળની હદ મારી છે, ત્યાં આવવું નહીં” તેમ કહી ગાળાગાળી કરી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આથી, પોતાનો જીવ બચાવવા કાર ભગાવી વરધરી પોલીસ આઉટ પોસ્ટના કમ્પાઉન્ડમાં પહોંચ્યા હતા. જોકે, આરોપીઓ ગેરકાયદે મંડળી રચી લાકડીઓ સાથે ચોકી પરિસરમાં ધસી આવ્યા હતા અને “તને આજે જીવતો નથી છોડવો” કહી માથામાં લાકડીના ઘા ઝીંકી દીધા હતા અને રૂમમાં ઘૂસીને પણ આરોપીઓએ ઢોરમાર માર્યો હતો, પરંતુ ચોકીમાં હાજર એક વ્યક્તિ દોડી આવતાં હુમલાખોરોએ તળાવ છોડી જવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે કોઠંબા સરકારી હોસ્પિટલમાં ખસેડાયા છે, જ્યારે કોઠંબા પોલીસે યાસીનખાન સીંધી સહિત ૧૦ શખસો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### કોસીન્દ્રાના મેળામાંથી ગુમ આંકલાવના યુવકની લાશ ખેતરમાંથી મળી

# બોરસદના અલારસામાં યુવકની ગળું દબાવી કરપીણ હત્યા કરાઈ

**જુગારની રકમની** લેતીદેતી બાબતે બે શખસે હત્યા કરી હોવાનું ખુલ્યું

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૪

બોરસદના અલારસાની સીમમાં જુગારની રકમની લેતીદેતી બાબતે થયેલી ઉગ્ર બોલાચાલીમાં આંકલાવના ૩૫ વર્ષીય યુવક શબ્બીરશા ઉર્ફે શબરી અકબરશા દિવાનની ગળું દબાવી હત્યા કરવામાં આવી હતી.

આંકલાવમાં બાલમશા પીરની દરગાહ પાછળ રહેતા શબ્બીરશા દિવાન ગત ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે સાડા ત્રણ વાગ્યે પોતાના બાઈક પર કોસીન્દ્રા ગામે ભરાતા આરીકારી માતાજીના મંદિરના મેળામાં જુગાર રમવા માટે રૂ. પાંચ હજાર લઈને ગયા હતા. રાત સુધી તેઓ પરત ન ફરતાં પરિવારે શોધખોળ શરૂ કરી હતી. દરમિયાનમાં ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના સવારે આઠેક વાગ્યે અલારસાની સીમમાં આવેલા રમેશભાઈ મહીજીભાઈ વાઘેલાના ઘાસવાળા ખેતરમાંથી શબ્બીરશાની લાશ ઊંધી હાલતમાં, મોઢું માટીમાં દબાયેલું અને દાઢીના ભાગે લોહી નીકળતી સ્થિતિમાં મળી આવી હતી. આ બનાવ અંગે બોરસદ પોલીસે મૃતદેહનો કબજો લઇ તેને પેનલ ડોક્ટર્સ અને ફોરેન્સિક નિષ્ણાતોની હાજરીમાં પોસ્ટમોર્ટમ કરાતાં ગળું દબાવવાના કારણે મોત થયું હોવાનું સ્પષ્ટ થયું હતું.

દરમિયાન, પોલીસ અને પરિવારે તપાસ કરતા પીપળી ગામના સીસીટીવી ફૂટેજમાં શબ્બીરશા સાથે ભાદરણીયા ગામના લલીતભાઈ ઉર્ફે લલો કાભઈભાઈ ઠાકોર અને કિરણભાઈ ઉર્ફે કીરો સોમાભાઈ રાઠોડ બાઈક પર જોવા મળ્યા હતા. આથી, પૂછપરછમાં સામે આવ્યું હતું કે, કોસીન્દ્રા ગામે રીંગણીના ખેતરના શેઢે જુગાર રમતી વખતે પૈસાની લેતીદેતી બાબતે થયેલા ઝઘડામાં લલીત ઠાકોર અને કિરણ રાઠોડ નામના બંને શખ્સોએ શબ્બીરશાનું ગળું દબાવી કરપીણ હત્યા કરી લાશ ફેંકી દીધી હતી.

જોકે, મૃતકની દફનવિધિ બાદ તેમના ભાઈ યુસુફશા દિવાનની ફરિયાદના આધારે બોરસદ સિટી પોલીસે લલીત ઠાકોર અને કિરણ રાઠોડ સામે હત્યાનો ગુનો નોંધી તેમની ધરપકડ માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# ડેરી સાથે તેલીબિયાંની ખેતી સાંકળી ખેડૂતોની આવક વધારવાનો પ્લાન

**એનડીડીબી અને** આઈઆઈટી ખડગપુર વચ્ચે ઐતિહાસિક કરાર કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૪

પૂર્વીય ભારતમાં ખાદ્ય તેલની વેલ્યૂ ચેઈનને મજબૂત બનાવવા અને સ્થાનિક ઉત્પાદન વધારવાના હેતુથી નેશનલ ડેરી ડેવલપમેન્ટ બૉર્ડ અને આઈઆઈટી ખડગપુર વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર સંપન્ન થયો છે. કોલકાતાના ન્યૂ ટાઉન ખાતે આવેલા IIT ખડગપુર રીસર્ચ પાર્કમાં પશ્ચિમ બંગાળના કૃષિ માર્કેટિંગ અને પંચાયત મંત્રી દિલીપ ઘોષ દ્વારા આ વિશેષ પહેલનું લૉન્ચિંગ કરવામાં આવ્યું હતું.

આ ભાગીદારી હેઠળ એનડીડીબીના ફીલ્ડ અમલીકરણ, એફપીઓ અને સહકારી ક્ષેત્રના અનુભવને આઈઆઈટી ખડગપુરની ટેકનોલોજી, ડેટા એનાલિટિક્સ, પ્રોસેસિંગ અને એન્જિનિયરિંગ ક્ષમતા સાથે સાંકળવામાં આવશે. આ અભિયાનમાં ICAR, BARC, KVK અને રાજ્યની કૃષિ



યુનિવર્સિટીઓનો પણ ટેકનિકલ સહયોગ મળશે.

આ સમાચારનો સૌથી અનોખો એંગલ ડેરી સહકારી મંડળીઓના પ્રસ્થાપિત નેટવર્કમાં તેલીબિયાં ઉત્પાદનને સંકલિત કરવાનો છે. એનડીડીબી પોતાના પૂર્વ અનુભવો જેમ કે ‘ઓપરેશન ગોલ્ડન ફ્લો’ અને ‘ધારા’ બ્રાન્ડની કુશળતાનો ઉપયોગ કરશે.

એનડીડીબી ચેરમેન ડો. મીનેશ શાહના જણાવ્યા અનુસાર, તેલીબિયાંની આડપેદાશો, પરાળ અને ડેરી કચરાનો સર્ક્યુલર ઈકોનોમી અભિગમથી ઉપયોગ કરીને સંસાધનોની કાર્યક્ષમતા અને ખેડૂતોની આવકમાં વૈવિધ્ય અપાશે.

આ પ્રસંગે મંત્રી દિલીપ ઘોષે સરસવ, મગફળી, સૂર્યમુખી અને તલ જેવા પાકો પર ધ્યાન કેન્દ્રિત કરી ખેડૂતોને તાલીમ, ધિરાણ અને વીમા સુવિધાઓ આપવા પર ભાર મૂક્યો હતો. જ્યારે સહકાર મંત્રી અશોક કિર્તનિયાએ વચેટિયાઓને દૂર કરી ખેડૂતોને સીધા ગ્રાહકો અને બજારો સાથે જોડવા પ્રોત્સાહિત કર્યા હતા તેમજ કઠોળ ક્ષેત્રે પણ આવું મોડેલ અપનાવવાનું સૂચન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને બિયારણની મિનિકિટ્સનું વિતરણ કરીને ફીલ્ડ સ્તરની પ્રત્યક્ષ કામગીરીનો પણ પ્રારંભ કરી દેવાયો છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**